**નવી બાબત, વર્ષ–૨૦૨૬–૨૭**

મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ACD/KPS/e-file/2/2025/4327/K5**
**સચિવાલય,ગાંધીનગર**
**તા.૧૧/૦૫/૨૦૨૬**

**વંચાણે લીધા :–**

(૧) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલ્ડબલ્યુઇ/ટી–૧/પા.સં.સ્ટ્રક્ચર/૧૫૨૪–૨૫/૨૦ ૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

(૨) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલ્ડબલ્યુઇ/ટી–૧/પા.સં.સ્ટ્રક્ચર/૧૫૨૬–૨૭/૨૦ ૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬

(૩) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલ્ડબલ્યુઇ/ટી–૧/પા.સં.સ્ટ્રક્ચર/૧૫૨૮–૨૯/૨૦ ૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬

(૪)ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલ્ડબલ્યુઇ/ટી–૧/પા.સં.સ્ટ્રક્ચર/૨૪૨૪/૨૦ ૨૬, તા.૨૧/૦૪/૨૦૨૬

**આમુખ :**

રાજ્યના દરેક વર્ગના ખેડૂતોને કૃષિ પેદાશોના સારા ઉત્પાદન મળવા છતાં, કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટી તેમજ અન્ય પરીબળોથી ઉત્પાદનની ગુણવત્તા પર માઠી અસર થાય છે તેમજ લાંબા સમય સુધી પાક સંગ્રહ માટેની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે પાકનો બગાડ થાય છે. તેથી આ પાક ઉત્પાદનને બચાવવા માટે રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના

સંગ્રહની સગવડ પુરી પાડીને પાક ઉત્પાદનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકાશે. ખેડૂતોને સુરક્ષિત પાક સંગ્રહ ગોડાઉન ઉપલબ્ધ થવાથી ખેતપેદાશોની ગુણવત્તા જળવાઈ રહે, યોગ્ય સમયે વેચાણ કરી શકશે, જેથી ખેડૂતોને આર્થિક ફાયદો થશે અને જેના પરિણામે ખેતી વધુ નફાકારક બનશે. તે હેતુથી રાજ્યના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા વધુમાં વધુ સહાય આપી શકાય તે માટે વર્ષ ૨૦૨૬-૨૭ માં મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત **નવી બાબત** તરીકે **રૂ.૭૭.૧૮ કરોડ**ની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા માટે ખેતી નિયામકની કચેરીના વંચાણે લીધા પત્ર ક્રમાંક (૧) થી (૪) પરથી કરેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજયના દરેક વર્ગના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા માટે સહાય આપવાની મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અંતર્ગત નવી બાબત તરીકે વર્ષ ૨૦૨૬–૨૭માં મંજૂર થયેલ બજેટ જોગવાઈ **રૂ.૭૭.૧૮ કરોડ** (અંકે રૂપિયા સત્યોતેર કરોડ અઢાર લાખ)નો ખર્ચ કરવાની નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧)મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના શરતો અને બોલીઓ:**

(૧) આ વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ખાતાના વડાએ રાખવાની રહેશે.

(૩) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદી ની જોગવાઇ કરવાની રહેશે.

(૫) ખાતાના વડાએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૮)પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્બારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૧) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૨) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૬) આ યોજનાનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

(૧૭) આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામક, ગાંધીનગર રહેશે.

(૧૮) આ યોજનાના ઘટક માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અમલીકરણ અધિકારી રહેશે.

(૧૯) આ યોજનાનો લાભ મેળવવા આઈ–ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

(૨૦) જિલ્લા દ્વારા ગામ વાઈઝ ઘટકનું નામ, લાભાર્થીનું નામ, ખાતા નંબર, પાક સંગ્રહ સ્ટ્રકચરની કુલ કિંમત, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૨૧) આ યોજનાની સહાયની રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની રહેશે. તેમજ અરજી કરવાની, સહાય ચુકવણી અને કામગીરી કરવા માટે અરજી ફોર્મ/પ્રમાણપત્ર વગેરે ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે.

(૨૨) આ યોજનાના અમલીકરણની બાબતમાં કોઈ મુદ્દો ઉપસ્થિતિ થાય તો ખેતી નિયામકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

(૨૩)આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ડી.ડી.ઓ.પી.એલ.એ.ને ફાળવવાની રહેશે તેમજ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ જિલ્લાએ સંબંધિત તાલુકાઓને ફાળવવાની રહેશે નહીં.

(૨૪) સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો(યુટીસી) નિયત નમૂનામાં ખેતી નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસિડી સહિત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે. તે ઉપરાંત લાભાર્થીવાર/તાલુકા–જિલ્લાવાર થયેલ ચુકવણાની વિગતોની નિભાવણી કરી જિલ્લાને અને ખેતી નિયામકશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.

(૨૫) ચૂકવણા અંગેની નિયત પદ્ધતિ મુજબ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ સહાયની રકમ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /NEFT/PFMSથી લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે.

(૨૬) સમયાંતરે જરૂરીયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સુચનાઓ આ યોજનાના ઘટકના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

(૨૭) લાભાર્થીએ પાક સંગ્રહ સ્ટ્રકચર પોતાની ખેતીની જમીનમાં બનાવવાનું રહેશે.

(૨૮) પાક સંગ્રહ સ્ટ્રકચરનો આશય કૃષિ પાક સંગ્રહ તેમજ ખેતીને લગત આનુષંગિક જણસ/ સામગ્રીનો સંગ્રહ કરવાનો રહેશે.

(૨૯) પાક સંગ્રહ સ્ટ્રકચરનું જીઓ-ટેગીંગ કરાવવાનું રહેશે. જ્યાં સુધી જીઓ-ટેગીંગની વ્યવસ્થા ઊભી ન થાય ત્યાં સુધી અક્ષાંશ/રેખાંશ સાથેનો ફોટોગ્રાફ માન્ય ગણવાના રહેશે.

(૩૦) અરજદારશ્રીએ આવા સ્ટ્રકચર પોતાની ખેતી લાયક જમીનમાં ઊભું કરવાનું હોય તો કોઈ બિનખેતી લાયક જમીન કરાવવાની રહેશે નહીં.

(૩૧) યોજનાના અમલીકરણ બાબતમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો અર્થઘટન/તાંત્રિક બાબતો અંગેનો આખરી નિર્ણય અગ્ર સચિવશ્રી(કૃષિ)ના પરામર્શમાં ખેતી નિયામકશ્રી કરી શકશે.

(૩૨)આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે. નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે આઈ ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૩૩) આ યોજનાનો અમલ સંબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મારફતે કરવાનો રહેશે.

(૩૪) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોરોસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ પીઓ-૧૦૨૦૦૫ ૧૪૦૭-૨, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આમ, આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૩૫) પ્રસ્તુત યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૩૬) નોડલ એજન્સી/જિ.ખે.અ.શ્રીએ નાણા વિભાગની અ-શાખાના તા.૩૧-૦૧-૨૦૧૯, તા.૦૫-૧૧-૨૦૧૮, તા.૨૯-૧૦-૨૦૧૬ તા.૦૧-૦૯-૨૦૧૪ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૭) નોડલ એજન્સી/જિ.ખે.અ.શ્રીએ નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક રહેતી રકમ વ્યાજ સહીત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૩૮) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૩૯) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા–અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૪૦) બાંધકામના કામોમાં PWD મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૪૧) સૂચિત કામો પૈકી જે કામો VB-RAM-G હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો VB-RAM-G યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૪૨) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૪૩) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૪૪) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪૫) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૪૬) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૪૭) આ યોજનાનો અમલ ખેતી નિયામકશ્રી મારફતે કરવાનો રહેશે.

(૪૮) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪૯) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫૦) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૫૧) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૫૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૫૩) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

## (૨) યોજનાનું સહાય ધોરણ

ખેડૂત પોતાના ખેતર ઉપર ન્યૂનતમ ૩૦૦ ચોરસ ફૂટથી મહત્તમ ૬૦૦ ચોરસ ફૂટ સુધીનું પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવે તો ન્યૂનતમ ૩૦૦ ચોરસ ફૂટ માટે રૂ. ૧.૦૦ લાખ તથા મહત્તમ ૬૦૦ ચોરસ ફૂટ માટે રૂ. ૨.૦૦ લાખ સુધીની સહાય આપવાની રહેશે. જો કોઈ ખેડૂત દ્વારા ૩૦૦ ચોરસ ફૂટથી લઈ ૬૦૦ ચોરસ ફૂટની વચ્ચેનું બાંધકામ કરે તો પ્રતિ ફૂટ પ્રૌરેટા મુજબ સહાય આપવાની

રહેશે. તે માટે બીલ/વાઉચર રજૂ કરવાના રહેશે. બાંધકામ પૂર્ણ થયેથી નિયત સમયમાં સહાય માટે ક્લેઈમ મળ્યેથી અને ચકાસણી થયેથી મળવાપાત્ર સહાય ચુકવવાની રહેશે.

**(૩)જરૂરી ન્યૂનતમ સ્પેશિફીકિશન**

આ યોજના હેઠળ ન્યૂનતમ ૩૦૦ ચોરસ ફૂટથી મહતમ ૬૦૦ ચોરસ ફૂટ વિસ્તારનું સ્ટ્રકચર સહાયપાત્ર રહેશે. લાભાર્થી ૬૦૦ ચોરસ ફુટથી વધુનું સ્ટ્રક્ચર પોતાની અનુકુળતા મુજબ બનાવી શકશે.

(ક) સ્ટ્રકચર માટે ન્યુનતમ ૨ ફુટ ઊંચાઇએ પ્લીન્થ તૈયાર કરવાની રહેશે. સ્ટ્રકચરના છતની મધ્ય (મોભ) ઊંચાઈ પ્લીન્થ લેવલથી ઓછામાં ઓછી ૧૦ ફૂટ રાખવાની રહેશે. તેનાથી ઓછી ઊંચાઇવાળું સ્ટ્રક્ચર સહાય માટે માન્ય રહેશે નહીં.

(ખ) ન્યૂનતમ એક દરવાજો અને એક બારી.

(ગ) ફાઉન્ડેશનથી પ્લીન્થ સુધી તેમજ ફરતી દિવાલોમાં ચણતર કામ અને ફ્લોરીંગમાં પીસીસી પાકું કરવાનું રહેશે.

(ઘ) કોરૂગેટેડ ગેલ્વેનાઈઝ શીટ/સિમેન્ટના પતરા/નળીયાથી છત બનાવવાની રહેશે. લાભાર્થીના ખર્ચે RCC ધરાવતી છત કરી શકાશે.

(ચ) ખેડૂતે મંજૂરીને આધિન પોતાના ખેતર ઉપરના અન્ય હયાત સ્ટ્રકચરની એક પાકી ભીંત આવા સ્ટ્રકચર માટે ઉપયોગમાં લીધેલ હશે તો તે ગ્રાહ્ય રાખવાની રહેશે. આ પાક સંગ્રહ સ્ટ્રકચરનો ઉપયોગ ટયુબવેલ/કુવાની ઇલેક્ટ્રિક રૂમ તરીકે ઉપયોગ કરી શકાશે નહીં.

(છ) આ યોજના હેઠળ ન્યૂનતમ ૩૦૦ ચોરસ ફૂટ થી મહત્તમ ૬૦૦ ચોરસ ફૂટ વિસ્તારનું કોન્ક્રીટનું પ્રી–ફેબ્રીકેટેડ સ્ટ્રક્ચર પણ સહાયપાત્ર ગણાશે.

(જ) ન્યૂનતમ સ્પેસિફિકેશન કરતા વધારે મોટું અનુકૂળ સ્ટ્રક્ચર ખેડૂત પોતાના ખર્ચે બાંધી શકશે.

(ઝ) સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ ન્યુનતમ ૩૦૦ ચો. ફૂટ સુધીનું બાંધકામ માન્ય રહેશે અને ૩૦૦ ચો.ફૂટથી નાનું બાંધકામ યોજના હેઠળ સહાય માટે માન્ય રહેશે નહીં.

(ટ) ખેડૂત લાભાર્થીએ મજબુત પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવાનું રહેશે.

**(૪) લાભાર્થીની પાત્રતા :**

આ યોજનાનો લાભ રાજયમાં જમીન ધારણ કરતાં તમામ ખેડૂતોને મળવાપાત્ર રહેશે. લાભાર્થી ખેડૂતોને તેઓની જમીનના ૮–અ માં દર્શાવેલ ખાતેદારો પૈકી એક જ ખાતેદારને અન્ય ખાતા ધારકોની સંમતિને આધિન લાભ મળવાપાત્ર રહેશે. ૮–અ દીઠ આજીવન એક વખત સહાય મળવાપાત્ર છે.

**(૫) લાભાર્થીએ અરજી કરવાની પદ્ધતિ :–**

i-khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

**(૬) અરજીઓની ચકાસણી અને પાત્રતા નકકી કરવાની કાર્ય પદ્ધતિ**

કુલ ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી i-khedut પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ તાલુકાવાર ઈલેક્ટ્રોનીક ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતએ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી, તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર i-khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૭) અરજીઓની મંજૂરી અને સહાય ચૂકવણી અંગેની કાર્યપદ્ધતિ**

(ક) ખેતી નિયામકશ્રી દ્વારા નિયત થયેલ સમયપત્રક મુજબ આ યોજના હેઠળ આઇ–ખેડૂત પોર્ટલ ઉપર અરજીઓ મેળવવાની રહેશે. નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે આઇ–ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(ખ) ડ્રો માં પસંદ થયેલ અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના લાભાર્થીને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ પૂર્વ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી જાણ કરવાની રહેશે.

(ગ) આઈ–ખેડૂત પોર્ટલ માટે સમયાંતરે કરવામાં આવતા સુધારા આ યોજનાને લાગુ પડશે.

(ઘ) i-khedut પોર્ટલમાં મંજૂર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજૂર કર્યાની ઓનલાઈન નોંધણી કરવાની રહેશે અને યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીની સંબંધિત અરજદારને તેઓના સરનામે લેખિત ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ (sms)/ઈ–મેઈલ/અન્ય વ્યવસ્થાથી પણ જાણ કરવાની રહેશે.

(ચ) પસંદ થયેલ લાભાર્થીઓએ પૂર્વ મંજૂરીના આદેશની તારીખથી નિયત કરેલ ન્યુનતમ સ્પેશીફીકેશન મુજબનું પાક સંગ્રહ સ્ટ્રકચરના બાંધકામની કામગીરી દિન–૬૦ માં શરૂ કરવાની રહેશે અને કામગીરી શરૂ કર્યા અંગેનો ફોટો આઈ–ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. ઉક્ત ૬૦ દિવસની સમયમર્યાદામાં કામગીરી શરૂ ન કરતા અરજી રદ કરવાની રહેશે. ઉક્ત સમયમર્યાદામાં લાભાર્થી દ્વારા પાક સંગ્રહ સ્ટ્રકચરના બાંધકામની કામગીરી શરૂ થયેલ ન હોય તે કિસ્સામાં વ્યાજબી કારણો ધ્યાને લઇ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વધુમાં વધુ ૩૦ દિવસની મુદત વધારી શકશે. પૂર્વ મંજૂરીથી મહત્તમ ૧૫૦ દિવસમાં સંપૂર્ણ બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે અને કલેઈમ આધાર સહ રજૂ કરવાના રહેશે. સદર સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ કરીને દરખાસ્ત ન મળેથી અરજી રદ કરવાની રહેશે.

લાભાર્થીને જે તે નાણાંકીય વર્ષમાં પૂર્વ મંજૂરી આપેલ કિસ્સામાં ૧૫૦ દિવસની મુદત લગત નાણાંકીય વર્ષમાં પૂર્ણ ન થતી હોય તેવા કિસ્સામાં ત્યાર પછીના બીજા વર્ષમાં યોજના હેઠળ મંજૂર થયેલ જોગવાઈની મર્યાદામાં આ પ્રકારના બાકી રહેતા સહાયના કેસના ખર્ચ કરી શકાશે.

અરજદાર દ્વારા i-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, પૂર્વ મંજૂરી આધારીત બાંધકામની પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહીં. આ અંગે અરજદારનો હક્ક–દાવો રહેશે નહીં.

(છ) લાભાર્થી ખેડૂતે પાક સંગ્રહ સ્ટ્રકચરની તમામ કામગીરી પૂર્ણ કરીને મળવાપાત્ર સહાયની ચુકવણી માટે દરખાસ્ત નિયત સમયમર્યાદામાં ગ્રામ સેવક/વિસ્તરણ અધિકારી મારફત અથવા સીધી જિલ્લાની કચેરીએ સમયમર્યાદામાં રજૂ કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ ગ્રામ સેવક,વિસ્તરણ અધિકારી(ખેતી) અને તાલુકા અમલીકરણ અધિકારીશ્રી મારફતે બાંધકામની/સ્ટ્રકચર ઊભું કર્યાની કામગીરી પૂર્ણ કર્યાની સ્થળ ચકાસણી કરવાની રહેશે.

નિયત નમુનામાં સ્થળ ચકાસણી કરી અક્ષાંશ/રેખાંશ સાથેનો ફોટોગ્રાફ લઈ, જીઓ ટેગીંગ કરી (જીઓ ટેગીંગની સુવિધા ઉપલબ્ધ થયેથી) ફોટોગ્રાફની નકલ દરખાસ્ત સાથે સામેલ રાખી ચકાસણી અહેવાલ દિન–૧૫ માં તૈયાર કરવાનો રહેશે. રજૂ થયેલ ચકાસણી અહેવાલને આધીન સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની અધિકૃત અધિકારીએ i-khedut પોર્ટલ થકી પેમેન્ટ ઓર્ડર કરી પ્રિન્ટ આઉટ મેળવી સહી/સિકકા કરી ચુકવણા એજન્સી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને ઇ–પેમેન્ટ માટે મોકલવાના રહેશે અને ના–મંજુર કરેલ કેસના કારણોની જાણ સંબંધકર્તા અરજદાર ખેડૂતને આઈ–ખેડૂતે પોર્ટલ થકી એસ.એમ.એસ દ્વારા કરવાની રહેશે. નોડલ એજન્સી સાથે સમયાંતરે મોકલી આપેલ દરખાસ્તના ચુકવણા અર્થે રીકન્સીલેશન કરી લેવાનું રહેશે.

(જ) સંબંધકર્તા જિલ્લાઓ તરફથી ચુકવવાપાત્ર દાવાઓ રજૂ થયે ત્યારબાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ દાવા હેઠળના લાભાર્થી ખેડૂતના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearing Service)/RTGS (Real Time Gross Settlement)/ NEFT /PFMS મારફત ચુકવણી કરવાની રહેશે.

(ઝ) સમયમર્યાદામાં કલેઈમ રજૂ ન થાય તે કિસ્સામાં વ્યાજબી કારણો ધ્યાને લઇ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વધુમાં વધુ ૩૦ દિવસની મુદત વધારી શકશે.

## <u>(૮) યોજનાની સમીક્ષા:</u>

આ યોજનાની ત્રિમાસિક સમીક્ષા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં અને રાજ્ય કક્ષાએ અગ્ર સચિવશ્રી (કૃષિ)ની અધ્યક્ષતામાં ત્રિમાસિક સમીક્ષા કરવાની રહેશે.

ઉપર મુજબની શરતો અને બોલીઓ, સહાયના ધોરણો, અરજી કરવાની રીત તેમજ અમલીકરણ પધ્ધતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ખેડૂતના વર્ગવાર ઉધારવાનો રહેશે.

| **અ.નં.** | **બજેટ સદર** | **બજેટ જોગવાઇ ની રકમ** |
|---|---|---|
| ૧. | માંગણી નંબર : **૦૨**<br>યોજનાનો ક્રમાંક : **એ.જી.આર.– ૨** (પાક સંગ્રહ સ્ટ્રકચર)<br>મુખ્ય સદર : **૨૪૦૧** પાક કૃષિ વ્યવસ્થા.<br>ગૌણ સદર : **૧૦૫** ખાતર અને રાસાયણિક ખાતર<br>પેટા સદર : **૨૯** અનુસૂચિત જાતિ અને જન જાતિ સિવાયના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર માટે સહાય | રૂ.૬૦.૦૦ કરોડ |
| ૨. | માંગણી નંબર : **૯૬**<br>યોજનાનો ક્રમાંક : **એ.જી.આર. – ૩** (પાક સંગ્રહ સ્ટ્રકચર)<br>મુખ્ય સદર : **૨૪૦૧** પાક કૃષિ વ્યવસ્થા.<br>ગૌણ સદર : **૭૯૬** (૩) ટી.એ.એસ.પી.<br>પેટા સદર : **૦૩** અનુસૂચિત જન જાતિના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર માટે સહાય | રૂ.૧૧.૧૮ કરોડ |
| ૩. | માંગણી નંબર : **૯૫**<br>યોજનાનો ક્રમાંક : **એ.જી.આર. –૪** (પાક સંગ્રહ સ્ટ્રકચર) | રૂ.૬.૦૦ કરોડ |

| | | |
|---|---|---|
| | મુખ્ય સદર : **૨૪૦૧** પાક કૃષિ વ્યવસ્થા<br>ગૌણ સદર : **૧૦૩** બિયારણ<br>પેટા સદર : **૦૧** અનુસૂચિત જાતિના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર માટે સહાય માટે પ્રોત્સાહક યોજના | |
| | **કુલ** | **૩.૭૭.૧૮ કરોડ** |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પ્રજાપતિ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પ્રતિ,**

(૧) માન.મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી (કૃષિ)ના સહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫)સચિવશ્રી(પં.,ગ્રા.ગુ.નિ. અને ગ્રા.વિ.)ના રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર(જિલ્લા કક્ષાએ નકલો આપવાની વિનંતી સહ)
(૭) બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

(૯) ઉપ મહાલેખાકારશ્રી (ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ(ઈ એન્ડ આર એસ ઓડીટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, અમદાવાદ.

(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., ગાંધીનગર. (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઇઝર્સ એન્ડ કેમીકલ્સ લી., નર્મદાનગર, ભરૂચ. (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લી., ફર્ટીલાઈઝરનગર, વડોદરા.(ખેતી નિયામકશ્રી મારફત)

(૧૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., ગાંધીનગર. (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૫) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૬) તમામ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૭) તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૮) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૯) સેકશન અધિકારીશ્રી, બ-૧, નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨૦)સેકશન અધિકારીશ્રી (આઈ.ટી.), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

(૨૧) શાખા સિલેકટ ફાઈલ- ૨૦૨૬.

(૨૨) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ- ૨૦૨૬.